# ઈ-પુસ્તક કઈ રીતે બનાવશો?

– જીજ્ઞેશ અધ્યારૂ



પ્રથમ ઈ-સંસ્કરણ

http://aksharnaad.com

01 – 08 – 12

http://aksharnaad.com

## અર્પણ...

શ્રી રતિલાલ ચંદેરીયા તથા ગુજરાતી લેક્સિકોન ટીમને....

જેમણે ગુજરાતી ભાષાને ઑનલાઈન વહેવાનો ઈ-માર્ગ સરળ કરવામાં અનેરો ફાળો આપ્યો.

અક્ષરનાદ પર અમે જે રીતે ઈ-પુસ્તક બનાવીએ અને પ્રકાશિત કરીએ છીએ એ રીતનું ઈ-પુસ્તક કઈ રીતે બનાવવું તે વિશે અનેક મિત્રો / વડીલોના ઈ-મેલ અને વિનંતિઓ સતત આવતા હતા, પરંતુ સમયના અભાવે અને અન્યત્ર વ્યસ્તતાઓને લીધે એ વિગતે લખી શકવાનું શક્ય બનતું નહોતું. એવામાં શ્રી જુગલભાઈ વ્યાસને ઈ-પુસ્તક બનાવવા વિશેની પદ્ધતિ સૂચવવાનું થયું, અને એ વિશે તેમને વિગતે એક ઈ-મેલ કર્યો હતો. એ જ વાતને આગળ વધારીને આ ઈ-પુસ્તક એક દિવસમાં તૈયાર કર્યું છે.

ઈ-પુસ્તક આજના સમયનું સૌથી હાથવગું માધ્યમ છે. સ્વ-પ્રકાશન દ્વારા અનેક અંગ્રેજી લેખકો અઢળક નાણાં કમાઈ રહ્યા છે અને

એમેઝોન પરની સૌથી વધુ વેચાતા પુસ્તકોની યાદીમાં સ્વપ્રકાશન કરતા લેખકોના પુસ્તકો મોખરે છે જેની કિંમત $ 0.99 કે તેથી ઓછી છે. અનેક ગુજરાતી પુસ્તકોની ઈ-આવૃત્તિ કરીને, તેમને ટાઈપ, વ્યવસ્થિત ફોર્મેટ અને અન્ય મોબાઈલ સાધનોમાં વાંચી શકાય તે રીતે મૂકવાનો પ્રયત્ન ખૂબ સફળ રહ્યો છે એ વાતથી પ્રેરાઈને જ અનેક ઈ-પુસ્તકો સતત અક્ષરનાદ પર મૂકાતા રહ્યા છે. આ વાતના પ્રેરણાસ્તોત્ર છે શ્રી મહેન્દ્રભાઈ મેઘાણી જેમણે અક્ષરનાદની ઈ-પુસ્તક પ્રવૃત્તિને ખૂબ સહાય કરી છે. અક્ષરનાદના અનેક ઈ-પુસ્તકોમાં ઈન્ટરનેટ અને બ્લોગિંગને લગતું એક માત્ર પુસ્તક “વર્ડપ્રેસ વડે બ્લોગ બનાવવાની રીત” ખૂબ પ્રચલિત રહ્યું છે અને સૌથી વધુ ડાઉનલોડ થયેલ પુસ્તક પણ એ જ છે.

આ જ વાતને આગળ ધપાવતા ફક્ત ઈ-પુસ્તકો નહીં, તેમને બનાવવાની રીતનો પણ પ્રસાર કરીને અક્ષરનાદ અન્યોને પણ આવા પુસ્તકો વધુ પ્રકાશિત કરવાની પ્રેરણા આપવા માંગે છે. અમારો હેતુ ફક્ત અક્ષરનાદના જ ઈ-પુસ્તકો નહીં, ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ બધા જ ઈ-પુસ્તકોને પ્રચલિત અને પ્રસારિત કરવાનો છે. અને તેમાંય પ્રોજેક્ટ ગુટનબર્ગને નજર સમક્ષ રાખીને અક્ષરનાદનો ડાઉનલોડ વિભાગ ચલાવતા હોવાથી અમને નિ:શુલ્ક ડાઉનલોડ માટે ઉપલબ્ધ ઈ-પુસ્તકો વિશે આગવુ ખેંચાણ છે. આશા છે આપને અમારો આ નવતર પ્રયાસ પણ ગમશે.

- જીજ્ઞેશ અધ્યારૂ (29 જુલાઈ 2012)

# અનુક્રમણિકા

ઈ-પુસ્તક એટલે....................................................................9

ભારતીય પ્રકાશન ઉદ્યોગ અને ઈ-પ્રકાશન..........................................12

ગુજરાતી પ્રકાશન ઉદ્યોગ અને ઈ-પુસ્તકો..........................................14

ગુજરાતી પ્રકાશકો અને ઈ-પુસ્તક વિરક્તિ..........................................18

ઈ-પુસ્તક કઈ રીતે બનાવશો?...................................................22

જરૂરી સોફ્ટવેર...........................................................................23

ઈ-પુસ્તક બનાવવા માટેના પગલાં...................................................24

અક્ષરનાદ ઈ-પુસ્તક વિભાગ....................................................................42


Gujarati E-books
From
Aksharnaad.com
Free

# ઈ-પુસ્તક એટલે...

ઈલેક્ટ્રોનિક પુસ્તક, ઈ-પુસ્તક, ડિજીટલ પુસ્તક અથવા પ્રચલિત રીતે ઈ-બુક એટલે વિવિધ ડિજીટલ સ્વરૂપમાંના એક અથવા વધુ સ્વરૂપોમાં ઉપલબ્ધ પુસ્તક જેટલી પ્રકાશિત સામગ્રી, જે ડિજીટલ માધ્યમમાં જ બનાવાઈ હોય, એ દ્વારા જ પ્રકાશિત કરાઈ હોય અને વિવિધ સાધનો જેવા કે લેપટૉપ, કોમ્પ્યૂટર અથવા અન્ય ડિજીટલ વાંચન માટેના સાધનો પર વાંચી શકાય. ઉપલબ્ધ પ્રકાશિત પુસ્તકોની ઈ-પ્રત બનાવી શકાય છે અથવા જેની પ્રિન્ટેડ નકલ ન હોય તેવા, ડિજીટલ માધ્યમ માટે જ બનેલા ઈ-પુસ્તકો પણ હોઈ શકે. ટેબલેટ, એંડ્રોઈડ મોબાઈલ, આઈપેડ અને આઈફોન, કિંડલ રીડર, નૂક રીડર જેવા

સાધનો પર આ પુસ્તકો વાંચી શકાય છે. આજના યુગનો અને ભવિષ્ય માટેનો આ એક અગ્રગણ્ય પુસ્તક પ્રકાર છે એ વાતમાં કોઈ શંકા નથી.

પુસ્તકને ભૌતિક રીતે અનુભવવાની અને વાંચવાની મજા કેટલીય સદીઓથી માનવજાત માણી રહી છે. પરંતુ હવે ચિત્ર બદલાવામાં છે. આજે સમય ઈ-પુસ્તકોના વપરાશમાં ધરખમ વધારાનો અને ઈ-વાંચનની વધતી પ્રસિદ્ધિનો છે. ઈ-પુસ્તકોની વિભાવના મૂલતઃ પશ્ચિમમાં જેટલી પ્રસિદ્ધ અને પ્રચલિત થઈ છે તેના પ્રમાણમાં આપણે એ ક્ષેત્રમાં ખૂબ પ્રાથમિક તબક્કામાં છીએ એમ કહી શકાય. નવા પ્રિન્ટ થયેલ પુસ્તકની સુવાસ, તેના વાંચનની અનોખી મજા અને વાંચનની સાથે નોંધ ટપકાવવાની કે લીટીઓ દોરવાની આદતોને છોડવી એક સમર્પિત વાંચક માટે મુશ્કેલ વાત છે.

૧૯૭૧માં પ્રકાશિત પ્રથમ ઈ-પુસ્તક તરીકે અમેરિકન બંધારણની ઈ-નકલ તૈયાર કરી પ્રોજેક્ટ ગુટનબર્ગ અંતર્ગત તેને પ્રકાશિત કરી માઈકલ હાર્ટ પ્રથમ ઈ પ્રકાશક બન્યો, એ વર્ષ હતું જ્યારે બે કોમ્પ્યુટર વચ્ચે પ્રથમ ઈ-મેલની આપ-લે થઈ. મતલબ ઈ-પુસ્તક પ્રકાશન ઈન્ટરનેટના વિકાસની સાથે વિકસી જ રહ્યું હતું, પરંતુ તે વિકાસ અતિશય ધીમો હતો જે છેલ્લા બે-ત્રણ વર્ષોમાં અનેકગણી ઝડપે વધ્યો છે. ૧૯૭૧માં ૧, ૧૯૮૯ સુધીમાં ૧૦, ૧૯૯૪ સુધીમાં ૧૦૦, ૧૯૯૭માં ૧૦૦૦ અને ૨૦૦3માં ૧૦૦૦૦ તથા ૨૦૧૧ સુધીમાં 33000 પુસ્તકોનું ડિઝિટાઈઝેશન પ્રોજેક્ટ ગુટનબર્ગ મારફત થઈ ચૂક્યું છે. અને પ્રોજેક્ટ ગુટનબર્ગ પર તે નિઃશુલ્ક ડાઊનલોડ માટે ઉપલબ્ધ છે.

# ભારતીય પ્રકાશન ઉદ્યોગ અને ઈ-પ્રકાશન

ભારત વિશ્વનો બીજો અંગ્રેજી ભાષાનો વપરાશ કરતો સહુથી મોટો દેશ છે. ભારતના મધ્યમ વર્ગનો આર્થિક વિકાસ છેલ્લા વર્ષોમાં નોંધપાત્ર રહ્યો છે, સમગ્ર વિશ્વનું ધ્યાન અત્યારે ભારતીય બજારોમાં પ્રવેશવા અને વેચાણ કરવા તરફ છે અને અહીંની ખરીદશક્તિ સતત વધી રહી છે. ઔદ્યોગિક વિકાસ સાથે શહેરો, ગામડાઓ અને સમગ્ર દેશ ઈન્ટરનેટનો વધુ ને વધુ વપરાશ કરી રહ્યા છે. વિદેશી મૂડી રોકાણ માટે આકર્ષક સ્થળ છે. મોબાઈલ સાધનોનો વપરાશ પણ અહીં અનેકગણો વધ્યો છે જેથી વિશ્વના પ્રમુખ મોબાઈલ વપરાશકારોમાં ભારત અગ્ર સ્થાને છે. આવા સંજોગોમાં ૧૯૦૦૦થી વધુ પ્રકાશકો અને ૨૪થી વધુ ભાષાઓમાં પ્રકાશનની તકો સાથે ઈ-પુસ્તકનું વેચાણ અનેક ક્ષેત્રોમાં અને

વિવિધતા સાથે થઈ શકે છે, ભારતીય ભાષાઓની વિવિધતાને જોતા એવી અનેક કૃતિઓ ઉપલબ્ધ છે જેને ડીજીટાઈઝ કરીને ઈન્ટરનેટ પર મૂકવામાં આવે તો વાચકોના અપાર પ્રેમને એ પામે તે ચોક્કસ છે. ઈ-કોમર્સ, અભ્યાસ, સાહિત્ય, ટેકનોલોજી, એન્જીનીયરીંગ જેવા અનેક ક્ષેત્રોમાં ઈ-પુસ્તકો એક હાથવગો વિકલ્પ બની શકે તેમ છે. કંપનીઓ, ઉદ્યોગો અને પ્રશિક્ષણ સંસ્થાઓની વધતી સંખ્યાને જોતા ઈ-પ્રકાશનનું ભવિષ્ય અહીં ઉજ્જવળ છે. અહીં ઘણાં ગામડાઓમાં પુસ્તકાલયો અથવા પુસ્તક વેચતી દુકાનો હજુ ઉપલબ્ધ નથી, તેની સામે અમુક નાના શહેરોમાં જૂજ સંખ્યામાં આવી વ્યવસ્થા છે, એ સંજોગોમાં ઈ-પુસ્તકો સહેલાઈથી પોતાનું સ્થાન બનાવી શકે છે. ભારતમાં વિકસાવાયેલ અનેક ઈ-રીડર પણ બજારમાં ઉપલબ્ધ થયા છે જે ૮૦૦૦-૧૨૦૦૦ રૂપિયામાં ઉપલબ્ધ છે, તેમાં વિન્કરીડર (ધવિન્કસ્ટોર.કોમ) અને ઈન્ફિબીમનું પાઈ મુખ્ય છે.

ભારતીય ઉપખંડમાં ઈ-પુસ્તકોનો પ્રચાર અને પ્રસાર ૨૦૦૮ના અંતભાગથી શરૂ થયો, સમયાંતરે અનેક પ્રકાશકોએ પોતાના પુસ્તકોન ઈ-સ્વરૂપે તથા ઓડીયો સ્વરૂપે મૂકવાનું શરૂ કર્યું. જો કે હજુ પણ ભારતીય ઈ-પુસ્તક પ્રકાશન ઉદ્યોગ પા પા પગલી જ કરી રહ્યો છે. ૩૫ કરોડથી વધુ વાંચકો હોવા છતા ઈ-પુસ્તકોનું વેચાણ ફક્ત ૦.૦૫% જેટલું જ છે.

## ગુજરાતી પ્રકાશન ઉદ્યોગ અને ઈ-પુસ્તકો

ગુજરાતી ઈ-પુસ્તક પ્રકાશનને વિશ્વના અથવા ભારતીય પ્રકાશન સાથે પણ સરખાવીએ તો સરખામણી કંઈક અંશે હાથી અને કીડીથી પણ નાનકડા પદાર્થ જેવી થઈ જાય. અગ્રગણ્ય ગુજરાતી પ્રકાશકો હોય કે નાના પ્રકાશકો, કોઈ પણ

આજ સુધી ઈ-પ્રકાશન કરતા નથી. અમુક પ્રકાશકોએ હવે મૂળ ગુજરાતી પુસ્તકોને બદલે ફક્ત અનુવાદિત પુસ્તકોના બજાર પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, તેથી અંગ્રેજી વાંચતા લોકો મૂળ પુસ્તક જ વાંચવાની વૃત્તિ રાખે છે જેથી એવા અનુવાદિત ઈ-પુસ્તકોનું બજાર ખૂલતા પહેલા જ બંધ થઈ જાય છે. મૂળ ગુજરાતી પુસ્તકોની પ્રિન્ટ પ્રત સાથે ઈ-પ્રકાશન કરવાની કોઈ ગુજરાતી પ્રકાશકની ઈચ્છા હજુ સુધી જણાતી નથી. કોઈ પણ પુસ્તક માટે ડિજીટલ પ્રકાશન વિશે તેમની સાથે વાત કરતાં તેઓ હોંશે હોંશે એ માટે તૈયારી દેખાડે છે, અમે "ઈ-પુસ્તકના ક્ષેત્રમાં પ્રવેશવાનો વિચાર કરી રહ્યાં છીએ" જેવો જવાબ તેમના તરફથી મળે છે, પરંતુ એ વિશે કોઈ તૈયારી આજ સુધી દેખાઈ રહી નથી.

ગુજરાતી ઈ-પુસ્તકો માટે સૌપ્રથમ જે નામ મને યાદ આવે છે તે સપ્ટેમ્બર ૧૯૯૯માં અમેરીકાના કિશોર રાવળ દ્વારા શરૂ કરાયેલ ઈ-માસિક કેસુડા.કોમ જે ઈ-પુસ્તક સ્વરૂપની જ ઝાંખી હતી. પુસ્તકાલય.કોમનું છે, મૂળ બાકરોલના જે ડી પટેલ ૨૦૦૨માં ગુજરાતી ઈ-પુસ્તકો મૂકવાની શરૂઆત કરી હતી. આ ઉપરાંત 2007થી અક્ષરનાદ.કોમ દ્વારા ગુજરાતી પુસ્તકોને યુનિકોડમાં ટાઈપ કરી કોમ્પ્યુટર તેમજ આઈફોન, આઈપેડ તથા એન્ડ્રોઈડ સાધનો પર વાંચી શકાય તે રીતે વિશેષ લેઆઉટમાં મૂકીને ડાઊનલોડ માટે નિઃશુલ્ક ઉપલબ્ધ કરાવાઈ રહ્યા છે જેનો ડાઊનલોડ આંક એક લાખને પાર કરી ગયો છે. આવો જ એક અન્ય પ્રશંશનીય પ્રયાસ ડૉ. નિરંજન રાજ્યગુરુ દ્વારા તેમની વેબસાઈટ રામસાગર.ઓર્ગ દ્વારા કરાયો છે જ્યાં ગુજરાતી સંત સાહિત્ય અને પરંપરા વિશેના અનેક પુસ્તકો ડાઊનલોડ અને વાંચન માટે નિઃશુલ્ક ઉપલબ્ધ છે. જો કે

આવા અસંગઠિત પ્રયાસો ઉપરાંત એકત્ર.કોમ દ્વારા ગુજરાતી ઈ-પુસ્તકોનું ઑનલાઈન વેચાણ શરૂ કરાયું છે તો અનેક ભારતીય ભાષાઓમાં ઇ-પુસ્તકોનું વેચાણ કરતી બુકગંગા.કોમનો ગુજરાતી પુસ્તકોના વેચાનના ક્ષેત્રમાં પ્રયાસ પણ સરાહનીય છે.

પરંતુ સૌથી વધુ નોંધનીય અને ગંજાવર કામ કર્યું છે ફાર્બસ ગુજરાતી સભાએ, જેમણે ૧૯૦૦ પહેલા પ્રસિદ્ધ થયેલ ૬૦થી વધુ પુસ્તકોને ડિજીટલ અવતાર આપ્યો છે અને એ હવે વેચાણ માટે ઉપલબ્ધ એ. જો કે અફસોસની વાત એ છે કે ડિજીટલ વેચાણ કરતી આ સભાની પોતાની કોઈ વેબસાઈટ નથી અને આવા અસંગઠિત પ્રયાસને લોકભોગ્ય કરવા અને પ્રસાર માટે કોઈ વેબસાઈટે ખાસ નોંધ લીધી નથી. સીડી પર આ પુસ્તકો ઉપલબ્ધ છે.

# ગુજરાતી પ્રકાશકો અને ઈ-પુસ્તક વિરક્તિ

ગુજરાતી પ્રકાશકોની ઈ-પ્રકાશનની અનિચ્છાના અનેક કારણો હોઈ શકે, જેમાં મુખ્ય છે પ્રસ્થાપિત વેચાણ માધ્યમનો અભાવ, ટેકનોલોજી વિશેની જાણકારીનો અભાવ તથા ઓછી સંખ્યામાં ઓનલાઈન વાચકો. પરંતુ સૌથી મોટી રૂકાવટ છે તેમનો કોપીરાઈટ, અનિયંત્રિત પ્રસાર તથા તેથી પ્રિન્ટેડ પુસ્તકોના વેચાણમાં ઘટાડો, પ્રકાશન ખર્ચ, નફા અને રોયલ્ટીમાં ભંગાણનો ભય.

આ વાતને વધુ વિગતે સમજવા એક ઘટના વિચારીએ. ધારો કે 'અ' એક વેબસાઈટ પરથી પુસ્તક ખરીદે છે, વાંચે છે અને પોતાના ડિજીટલ સાધનમાંથી તે 'બ' તથા 'ક' ને આપે છે. 'બ' એ પુસ્તક વાંચીને 'ચ', 'છ' તથા 'દ' ને આપે,

આમ એક વખત ખરીદાયેલા એ પુસ્તકની અનેક પ્રત ફરતી થઈ જાય, આ ઉપરાંત ફાઈલશેરીંગ વેબસાઈટ પર તેનું મૂકાઈ જવું અથવા ઈ-મેલમાં ફરતા થઈ જવું એ પ્રકાશકોના અન્ય ભયસ્થાનો છે. તકલીફ એ પણ છે કે ગુજરાતી વાચકવર્ગમાં ઓનલાઈન ખરીદીની ટેવ હજુ મોટા સ્તરે વિકસી નથી, એ ફક્ત અમુક વિસ્તારો - શહેરો પૂરતી મર્યાદિત છે.

આ ક્ષેત્રમાં જે ટેકનોલોજીની કદાચ ગુજરાતી પ્રકાશકો સુધી પહોંચી નથી તે છે ડીઆરએમ (ડિજીટલ રાઈટ્સ મેનેજમેન્ટ). સામાન્ય વસ્તુઓના વેચાણ માટે ઉપલબ્ધ સુવિધાઓ કે ઈ-કોમર્સ ઑનલાઈન પોર્ટલ ઈ-પુસ્તકોના વેચાણ માટે વાપરી શકાય નહીં, એ માટે ડીઆરએમની મદદથી વાચકના મૂલ્ય ચૂકવણી મુજબ વિવિધ સ્તર તથા તેના હક્કો નક્કી કરવામાં આવે, જેની મદદથી તે એક

કે તેથી વધુ લોકો સાથે પુસ્તક વહેંચી શકે એવી પરિસ્થિતિ કાબૂમાં રાખી શકાય છે. ઑનલાઈન ગ્રાહકને અમુક હક્ક મળે છે, અમુક બંધન હોય છે અને કેટલાક આડલાભ પણ મળી શકે છે. ઈ-કોમર્સ વેબસાઈટ્સ ફક્ત વેચાણ માટે છે, ત્યાં વેચાણ પછીના રાઈટ્સ મેનેજમેન્ટનો સવાલ આવતો નથી. પણ ડિજીટલ વસ્તુ એક વખત વપરાશકારના હાથમાં આવે પછી તેની સાથે એ શુ કરી શકે એ કાબૂ કરવાની રીતને ડિજીટલ રાઈટ્સ મેનેજમેન્ટ કહેવાય છે, અને તેના માટે અનેક ઑનલાઈન સુવિધાઓ જેવી કે કન્ટેન્ટગાર્ડ.કોમ તથા ડિજીમાર્ક.કોમ વગેરે ઉપલબ્ધ છે. જો કે બે વખત કોપી કરવાની પરવાનગી ખરીદી છે તેવા 'અ'ને તેના ડેસ્કટોપ અને લેપટોપમાં કોપી કરેલ ઈ-પુસ્તક મોબાઈલમાં પણ કોપી કરવું હશે તો તે શક્ય બનશે નહીં. આ ટેકનોલોજીની મદદથી ઑનલાઈન વહેંચણી તથા મૂળ કૃતિ અને તેની નકલો કાબૂમાં રાખી શકે છે.

આમ અમેરીકન તથા યુરોપિયન બજારની જેમ ભારતીય અને વિશેષતઃ ગુજરાતી પ્રકાશકો પાસે એક વ્યવસ્થિત અને આયોજીત ડિજીટલ પ્રકાશન તથા વેચાણનું માળખું ઉપલબ્ધ નથી. ગુજરાતી પ્રકાશકો માટે વિકલ્પો એ છે કે તેમણે અમેઝોન જેવી કંપનીઓ અહીં આવી વેચાણ શરૂ કરે (જો કરે તો) ની રાહ જોવી, કોઈ એવી અહીં વિકસી રહેલી પ્રણાલીને સ્વીકારી તેના ભાગ બનવું અથવા સ્વતઃ એવી વ્યવસ્થા વિકસાવવી. જો કે આ ત્રણમાંથી કોઈ પણ વિકલ્પ પસંદ ન કરીને ગુજરાતી પ્રકાશકો હજુ પણ ઈ-પ્રકાશનથી ઘણા દૂર અને લગભગ નકારાત્મક વલણવાળા છે. છતાં અનેક ઉત્સાહી વેબસાઈટ્સ – બ્લોગ્સની મદદથી વાંચકોની ઑનલાઈન ગુજરાતી વાંચનની ભૂખ અંશતઃ સંતોષાઈ રહી છે. આશા રાખીએ ટૂંક સમયમાં આ પરિસ્થિતિ બદલાય અને

પ્રકાશકો દ્વારા ઉપલબ્ધ સુવિધાઓ દ્વારા આપણે આપણા હાથમાં રહેલ મોબાઈલ અથવા નાનકડા રીડરમાં અનેક પુસ્તકો ખરીદી, સંગ્રહી અને વાંચી શકીએ.

## ઈ-પુસ્તક કઈ રીતે બનાવશો?

ઈ-પુસ્તક બનાવવાનું કામ જેટલું સહેલુ લાગે છે એટલું જ એ અટપટું છે. ઈ-પુસ્તક અનેક સ્વરૂપોમાં, અનેકવિધ રીતે અને વિવિધ ફોર્મેટમાં બનાવી શકાય છે. અક્ષરનાદ પર પ્રસ્તુત થતા પુસ્તકો જે રીતે અમે બનાવીએ છીએ એ પદ્ધતિ અહીં દર્શાવી છે.

# જરૂરી સોફ્ટવેર

ઈ-પુસ્તક બનાવવા માટે મારી સિસ્ટમમાં રહેલ જરૂરી સોફ્ટવેર –

- માઈક્રોસોફ્ટ વર્ડ (MS office 2007) {વિકલ્પ ઓપન ઓફિસ}
- ગુજરાતી ટાઈપ માટે ઈન્ડિક ઈનપુટ વ્યવસ્થા
- વર્ડમાંથી પીડીએફ કરવા માટે માઈક્રોસોફ્ટનું પ્લગિન XPS to PDF
- અડોબે એક્રોબેટ રીડર

## ઈ-પુસ્તક બનાવવા માટેના પગલાં....

1. પુસ્તકમાં જે સામગ્રી તમે પ્રસ્તુત કરવા માંગો છો તે વર્ડમાં ટાઈપ કરીને તૈયાર કરી લો.

2. હવે એક નવી વર્ડફાઈલ ખોલો. સૌપ્રથમ તેનું માપ ગોઠવીએ.

અક્ષરનાદ પર પ્રસ્તુત થયેલ ઈ-પુસ્તકોના પેજનું માપ પાવરપોઈંટ પ્રેઝન્ટેશન જેવું લાગે છે, જો કે માઈક્રોસોફ્ટ વર્ડ માટે એમ કહી શકાય કે પાનાંઓ લેન્ડસ્કેપ પ્રકારમાં છે.

પાનાનું માપ

A 6 – 10.5 Cm x 14.8 Cm

Margin – 1.27 on all sides

Orientation – Landscape

આમ ગોઠવવાથી પ્રસ્તુત ઈ-પુસ્તક પ્રકારનું પાના અને આસપાસની જગ્યાનું માપ ગોઠવાઈ જશે.

ઈ-પુસ્તકમાં સામાન્ય રીતે મુખપૃષ્ઠ હોય કે ન હોય કોઈ ખાસ અસર પડતી નથી પરંતુ માર્કેટીંગ માટે, પુસ્તક વિશેની પ્રાથમિક છાપ વાચકના મનમાં ઉભી

કરવા માટે અને તેને અન્ય વેબસાઈટ્સ ઉપર પ્રસાર અર્થે મૂકવા તેનું મુખપૃષ્ઠ હોવું જરૂરી છે. તો હવે સૌપ્રથમ ઈ-પુસ્તકનું મુખપૃષ્ઠ બનાવીએ

3. એ માટે સૌથી ઉપરના મેનુબાર પર હોમ ની બાજુની ટેબ ઈન્સર્ટમાં જાઓ અને તેમાં કવરપેજ પર ક્લિક કરો.

4. આમ કરવાથી એક ડાયલોગ બોક્સ ખુલશે જેમાંથી વિવિધ પ્રકારના મુખપૃષ્ઠ દેખાશે. (જુઓ ઈમેજ 1)



(ઈમેજ 1)

5. તમને ગમે તેવા કોઈ પણ એક પૃષ્ઠનો વિકલ્પ પસંદ કરો, જો તમારે મુખપૃષ્ઠ પર કોઈ ઈમેજ મૂકવાની હોય તો ઉપલબ્ધ વિકલ્પોમાંથી એક્સપોઝર, મોશન અથવા ટ્રાન્સસેન્ડ નામનું મુખપૃષ્ઠ પસંદ કરવું સરળ રહેશે.

6. આ પસંદ કરેલ મુખપૃષ્ઠમાંની ઈમેજ ને બદલે તમારી પસંદગીની ઈમેજ મૂકવા માટે - પસંદ કરેલ મુખપૃષ્ઠમાંની ઈમેજ પર ડબલ ક્લિક કરો. (જુઓ ઈમેજ 2)

7. હવે તેના પર રાઈટ ક્લિક કરશો એટલે વિકલ્પો આવશે જેમાં એક હશે ચેન્જ પિક્ચર.. તેના પર ક્લિક કરવાથી બીજા ચિત્રને બ્રાઉઝ કરવાનું બોક્સ ખૂલશે




(ઈમેજ 2)

8. ગમતા ચિત્રને બ્રાઉઝ કરી ઓ.કે. કરતા એ ચિત્ર મુખપૃષ્ઠ પર ગોઠવાઈ જશે. ચિત્રના ખૂણાઓ અને વચ્ચે રહેલા હેન્ડલ પર ક્લિક કરવાથી તેની સાઈઝ બદલી શક્શો.

9. આ સિવાય પણ મુખપૃષ્ઠના જે ભાગને એડીટ કરવો હોય તેના પર ડબલ ક્લિક કરશો એટલે તે માટેના વિકલ્પો ઉપરના મેનુ બારમાં દેખાશે. જરૂરી ફેરફાર કરી તેને સેવ કરો. ચિત્ર સિવાયના વિભાગોમાં જે તે માહિતિ ભરવાની રહેશે જેમ કે પુસ્તકનું નામ, સબટાઈટલ તથા પ્રકાશન વર્ષ વગેરે. આમ તમારૂ મુખપૃષ્ઠ તૈયાર છે.

મુખપૃષ્ઠ તૈયાર થયા પછી હવે પુસ્તકની કન્ટેન્ટ અને અનુક્રમણિકા પર આવીએ.

10. મુખપૃષ્ઠ પછી બે-ત્રણ પાનાં કોરા છોડી દો અને અને તે પછીના પાના પર તમે ટાઈપ કરેલી પુસ્તકની સામગ્રી પેસ્ટ કરો.

11. તમારે જોઈએ તે મુજબ પેરેગ્રાફ, બે લાઈન વચ્ચેનું સ્પેસીંગ અને ફોન્ટ ગોઠવો. સામાન્ય રીતે અક્ષરનાદ પરના પુસ્તકોમાં સિંગલ લાઈન સ્પેસીંગ અને 11 સાઈઝના શ્રુતિ ફોન્ટ વાપરવામાં આવે છે. સ્પેસ ગોઠવવા જે તે પેરેગ્રાફ સિલેક્ટ કરી તેના પર રાઈટ ક્લિક કરી પેરેગ્રાફ પર જઈ જરૂરી ફેરફાર કરી શકાય છે. (જુઓ ઈમેજ 3)



(ઈમેજ 3)

12. હવે જે તે પાઠ અથવા વિભાગના શીર્ષકને અનુક્રમણિકા માટે તૈયાર કરીએ.

13. એ માટે પ્રથમ પાઠનું શીર્ષક આખું સિલેક્ટ કરો. આ વખતે ધ્યાન રાખો કે શીર્ષક સિવાયની કે તેની આગળની કોઈ પણ ટેક્સ્ટ પસંદ ન થઈ હોય.

14. હવે હોમ ટેબમાં ક્લિપબોર્ડ, ફોંટ અને પેરેગ્રાફ પછીના સ્ટાઈલ વિકલ્પો જુઓ, તેમાંથી Heading 1 પર ક્લિક કરો.

15. તમે પસંદ કરેલ શીર્ષક મોટું, અલગ રંગનું અને બોલ્ડ થઈ જશે.

16. આ પ્રક્રિયા દરેક શીર્ષક માટે કરો. શીર્ષક પછીના - પાઠમાંના પેરેગ્રાફ અને લાઈન સ્પેસ કદાચ ફરી ગોઠવવાની જરૂરત થશે. તેમ કરો. (જુઓ ઈમેજ 4)



(ઈમેજ 4)

17. હવે શીર્ષક પાના પછી જે પાનું કોરું છોડ્યું હતું તેમાં જાઓ અને કર્સર ગોઠવો.

18. મેનુ બાર પર હોમ, ઈન્સર્ટ, પેજ લે-આઉટ વિકલ્પો છોડી અને તે પછીના રેફરન્સીસ વિકલ્પ પર ક્લિક કરો.

19. તેમાં એક ટેબલ ઑફ કન્ટેન્ટ્સ નો વિકલ્પ હશે.

20. તેના પર ક્લિક કરો. અને આવતા ડ્રોપ ડાઉન વિકલ્પોમાંથી પ્રથમ વિકલ્પ પસંદ કરો. આમ કરવાથી તમે જે શીર્ષકો Heading 1 પ્રકારમાં પસંદ કર્યા હશે તે અનુક્રમણિકામાં પાના નંબર સાથે આપોઆપ દેખાશે.

21. આપની અનુક્રમણિકા પણ તૈયાર હશે. (જુઓ ઈમેજ 5)



(ઈમેજ 5)

22. અનુક્રમણિકા બનવાને લીધે ગેપ વધી ગઈ હોય તેવા પાનાંઓને ફરી ગોઠવવા પડશે. એમ કર્યા પછી ફરી Table of Contents પર જાઓ અને તેમાં Contents શીર્ષક ઉપર ક્લિક કરો.

23. આખા ટેબલની ઉપર આવતા Update Table વિકલ્પ પર ક્લિક કરો.

24. નવો ડાયલોગ બોક્સ ખૂલશે જેમાં Update entire table વિકલ્પ પર ક્લિક કરો.

25. હવે હોમ ટેબની બાજુના ઈન્સર્ટ વિકલ્પમાં જઈ હેડર અને ફૂટર વિભાગમાં વિકલ્પ પેજ નંબર પર ક્લિક કરો. તે પછી આવતા ડ્રોપ ડાઉન મેનુંમાં Top of Page વિકલ્પમાં ત્રીજો વિકલ્પ પસંદ કરો. તે પછી ઓ.કે પર ક્લિક કરો.

26. ફરી હોમ ટેબની બાજુના ઈન્સર્ટ વિકલ્પમાં જઈ હેડર અને ફૂટર વિભાગમાં વિકલ્પ ફૂટરમાં ક્લિક કરો. આપને ગમતા સ્વરૂપમાં Center માં આપના બ્લોગ / વેબસાઈટની લિંક મૂકો. હવે એ આખી કડીને પસંદ કરી રાઈટ ક્લિક કરશો એટલે ઉપલબ્ધ વિકલ્પોમાંથી Hyperlink વિકલ્પ દેખાશે. તેના પર ક્લિક કરો.

27. હવે દર્શાવેલ જગ્યાએ તમારા બ્લોગ / વેબસાઈટનું અડ્રેસ લખો. ડાયલોગ બોક્સને ઓ.કે. કર્યા પછી જમણી તરફ ઉપર ક્લોઝ હેડર એન્ડ ફૂટર પર ક્લિક કરો. (જુઓ ઈમેજ 6)

આમ તમારું ઈ-પુસ્તક પ્રસિદ્ધ કરવા માટે તૈયાર થઈ ગયું છે.



(ઇમેજ 6)

25. હવે તૈયાર થયેલ ઈ-પુસ્તકને પીડીએફ સ્વરૂપે તૈયાર કરવા માટે...

http://www.microsoft.com/en-in/download/details.aspx?id=7

એ પાના પર જઈ માઈક્રોસોફ્ટ દ્વારા ઉપલબ્ધ XPS to PDF કન્વર્ઝનનો એડ-ઓન ડાઉનલોડ કરો અને ઈન્સ્ટોલ કરો.

ડાબી તરફ સૌથી ઉપરના વિંડોઝના ચિત્ર પર ક્લિક કરી, સેવ એઝ પર કર્સર લઈ જશો તો Xps to Pdf વિકલ્પ દેખાશે તેના પર ક્લિક કરો.

જરૂરી વિકલ્પો સાથે તેને સેવ કરવાની જગ્યા આપી ડાયલોગ બોક્સને ઓકે આપવાથી પીડીએફ તૈયાર થઈ જશે.

આમ અનુક્રમણિકા, મુખપૃષ્ઠ અને ગોઠવણ સાથે પીડીએફ સ્વરૂપે આપનું ઈ-પુસ્તક તૈયાર છે.

હવે આ નવા બનેલા ઈ-પુસ્તકને ઈ-મેલ દ્વારા, આપના બ્લોગ અથવા વેબસાઈટ દ્વારા વહેંચી તેનો ફેલાવો કરી શકો છો. આ ઉપરાંત આપ તેને અમુક નિશ્ચિત રકમ સામે વેચી પણ શકો છો. ઈ-પુસ્તકને વિવિધ સાધનો જેવા કે કિન્ડલ, નૂક તથા આઈ-પેડ માટે પણ તૈયાર કરી શક્શો. એ અંગેની વિગતો હવે પછી પ્રકાશિત કરવાના થતા અન્ય ઈ-પુસ્તકમાં વિગતે જાણીશું. આશા છે આપને ઈ-પુસ્તકો બનાવવા વિશેનો અનુભવ વર્ણવતો આ નાનકડો પ્રયાસ ગમ્યો હશે.

## અક્ષરનાદ ઈ-પુસ્તક વિભાગ

# અક્ષરનાદ.કોમ

## ઈ-પુસ્તક ડાઉનલોડ વિભાગ

અનેક ઈ-પુસ્તકો, એક ક્લિકે ડાઉનલોડ